iRf

# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક ૭૧ : ઓક્ટોબર–ડિસેમ્બર ૨૦૧૯

## તંત્રીસ્થાનેથી . . .

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રિતી અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૪. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૫. શ્રી રમેશભાઈ પટેલ
૬. શ્રી હેમંત શાહ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખા ચોના

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગિની રાજે ગાયકવાડ
૨. શ્રી જી. ડી. જાલાણી
૩. શ્રી કરણ ગ્રોવર
૪. શ્રી મહેશ શાહ
૫. શ્રી જાલ પટેલ
૬. શ્રી યોગેશ વેલાણી
૭. શ્રી મધુ મહેતા
૮. શ્રી કુંજલ પટેલ
૯. શ્રી રોહિત પરીખ

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંત કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્ર ચોખાવાલા
૫. શ્રી મીના માંડલેવાલા
૬. ડો. પ્રફુલ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિત મહેતા
૯. શ્રી કમલેશ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદીપ કલકત્તાવાલા
૧૧. શ્રી જીતેન્દ્ર દાલીયા
૧૨. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૩. ડો. પ્રદિપ અટોદરીયા

પ્રિય મિત્રો,

શુભેચ્છાઓ !

૧૫ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ, ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન તેના કાર્ય સફરના ૧૮ વર્ષ પૂર્ણ કરશે. કિડનીને લગતા વિવિધ રોગોની રોકથામ માટે લોકજાગૃતિ લાવવાની પહેલ સાથે સ્થાપિત કરાયેલી આ બિનસરકારી સંસ્થા, માનવતાવાદી સેવાકાર્યોની ૧૮ મી વર્ષગાંઠની ઉજવણી કરશે જે હવે સમગ્ર ગુજરાત રાજ્યમાં ફેલાયલી છે.

સ્વૈચ્છિક સંસ્થા માટે આ એક નોંધપાત્ર સિદ્ધિ છે. સંસ્થા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલા દરેક નાગરિકના સામૂહિક પ્રયત્નોના કારણે અમે આ મુકામ સુધી પહોચી શક્યા છીએ.

સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ, લોકજાગૃતિ દ્વારા રોકથામ હવે ગ્રામીણ વિસ્તારમાં પણ અવિરતપણે વિસ્તૃત કરવામાં આવી રહી છે. આ ત્રિમાસિક ગાળા દરમિયાન રાજ્યભરમાં ૨૫૯ જાગૃતિ અને સ્ક્રીનિંગ કેમ્પ યોજાયા હતા. કેમ્પમાં ભાગ લેતા ગ્રામીણ લોકોનો સહયોગ ખરેખર ઉત્સાહજનક હોય છે. આ કેમ્પ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં માણકોલ, અણદેજ; દસક્રોઈ તાલુકામાં લીલાપુર ગામ; ગાંધીનગર જીલ્લામાં સોનીપુર; ભાવનગર જિલ્લામાં નવાગામ,વરતેજ અને સીદસર ખાતે તથા મોરબી જીલ્લામાં બગથરા ગામમાં; સાબરકાંઠામાં નેત્રામલી ગામમાં; મહેસાણા જિલ્લામાં ખેરવા, નુગર, મોટપ અને કનોડા ખાતે; સુરત જિલ્લામાં જહાંગીરપુરા, મીઘબારી ગામમાં અને વડોદરા જિલ્લામાં રાજુપુરા, લુણા, સિંધરોટ વગેરે ગામમાં યોજવામાં આવ્યા હતા.

દર મહિને ૮૦ થી વધુ જાગૃતિ અને સ્ક્રીનિંગ કેમ્પ યોજવામાં આવે છે. છેલ્લા ૧૮ વર્ષમાં ૫૦ લાખથી વધુ લોકોને જાગૃત કરવામાં આવ્યા છે અને હજુ આ કામગીરી ચાલુ છે.

આ ત્રિમાસિક ગાળા દરમિયાન, અમારા નિયમિત લોકજાગૃતિ કાર્યક્રમો ઉપરાંત અમે ગિરનાર, જૂનાગઢ ખાતે યોજાયેલા મેળામાં ભાગ લીધો જેમાં પાંચ હજારથી વધુ લોકોએ ૪ દિવસમાં અને સોમનાથ મંદિર ખાતે દિવાળીની ઉજવણી નિમિત્તે યોજાયેલ મેળામાં પણ ભાગ લઇ કિડની રોગો અંગે જાણકારી આપી હતી.

સેવ અ લાઇફ' કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાતમંદ કિડની દર્દીઓને વર્ષ ૨૦૦૨ થી આર્થિક સહાય આપવામાં આવી રહી છે અને આ દર્દીઓ માટે પુન:ર્વસન પ્રવૃત્તિઓ પણ સંસ્થાની શરૂઆતથી તમામ ચેપ્ટરોમાં 'પ્રેરણા' નામના કાર્યક્રમ હેઠળ કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્ય સરકાર, હાલમાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત નિ:શુલ્ક હિમોડાયાલિસીસની સારવાર આપી રહી છે, તેથી અમે તેમની સારવારના અન્ય પાસાઓ જેવા કે AV ફિસ્ટુલાની સર્જરી, દવાઓ, ટ્રાન્સપ્લાન્ટ પછીની દવાઓ અને અન્ય આરોગ્ય સમસ્યાઓ માટે જરૂરી સહાય પૂરી પાડીએ છીએ.

દર્દીઓને શારીરિક શ્રમ ઓછો પડે અને તેમની આજીવિકા ઘરે બેઠા રળી શકે તે માટે સંસ્થા દ્વારા તેમના માટે વિવિધ તાલીમ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. આ ત્રિમાસિક સમય દરમિયાન દિવાળી નિમિત્તે તેઓ દ્વારા ફેન્સી દિવા બનાવવામાં આવ્યા હતા જેનુ સંસ્થા દ્વારા વેચાણ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત, અમદાવાદમાં સદવિચાર પરિવાર ખાતે યોજાયેલ જ્વેલરી બનાવવાના વર્કશોપમાં પણ ભાગ લીધો હતો.

સંસ્થાની શરૂઆત થઇ ત્યારથી જ સમાજ તરફથી સતત સહયોગ અને સમર્થન પ્રાપ્ત કરવામાં ભાગ્યશાળી રહી છે. અમે આ ત્રણ મહિનામાં પ્રાપ્ત થયેલા યોગદાનની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઇએ છીએ. રત્નમણિ મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિ. દ્વારા ઉત્તર ગુજરાત ક્ષેત્ર માટે એક મોબાઈલ વાન માટે દાન મળ્યુ છે અને રાજ્યભરમાં હિમોડાયાલિસીસ લેતા જરૂરિયાતમંદ દર્દીઓને બહેતર જીવન પ્રદાન કરવાના હેતુથી ઈન્સ્યુલેટેડ લંચ બોક્સ, ફ્લાસ્ક અને પાણીની બોટલ સાથે ૨૦૦ બેગનુ દાન આપવામાં આવ્યુ છે.અમે રત્નમણી મેટલ્સ એન્ડ ટયુબસ લિમિટેડના સ્થાપકો અને શ્રી જગતભાઈ કીનખાબવાલાનો હ્રદયપૂર્વક આભાર માનીએ છીએ.

આવી જ રીતે લુબી ગ્રુપના ડાયરેક્ટર શ્રી સુભાષભાઇ અમીને ગામડાઓમાં બીપી અને ડાયાબિટીસ માટે જાગૃતિ અને સ્ક્રિનિંગ કેમ્પ યોજવા માટે રૂ. ૭ લાખનુ દાન આપ્યુ છે. તેમના યોગદાનથી ગ્રામીણ વિસ્તારમાં સંસ્થાની પ્રવૃત્તિઓને ચોક્કસ વેગ મળશે.

વોરા વેલફેર ફાઉન્ડેશન, રાજકોટ, ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ઇન્દુભાઇ વોરા તરફથી સંસ્થાને સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોબાઈલ વાન માટે રૂ. ૬ લાખનુ દાન મળ્યુ છે.

શ્રી પી.કે. લહેરીએ. ગીર–સોમનાથ અને આસપાસના જિલ્લાઓમાં આ પ્રવૃત્તિઓનો ફેલાવો કરવા માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી રૂ.૨ લાખનુ દાન આપ્યુ છે. અમે આ વિસ્તારમાં ઘણુ કામ કર્યું છે અને આ દાન આ વિસ્તારની કામગીરીને વધુ મજબૂત બનાવશે. છેલ્લા ઘણા વર્ષોથી શ્રી અંબરભાઇ પટેલ, ડિરેક્ટર, શિલ્પ ટ્રેવર્સ લિમિટેડ તરફથી સતત મળતા સહયોગની પણ અમે અહીં નોધ લઇએ છીએ. આ વર્ષે તેમના તરફથી ફરીથી સંસ્થાને રૂ. ૧ લાખનુ દાન મળ્યુ છે.

સંસ્થાની ૧૮ વર્ષની સંતોષજનક સફરનો હિસ્સો બની સતત પ્રોત્સાહન આપવા બદલ ફરીથી આપ સૌનો આભાર. ચાલો આપણે એ જ જુસ્સાથી સાથે મળીને કામ કરવાનુ ચાલુ રાખીએ અને એક સ્વસ્થ સમાજ બનાવીએ.

આપ સૌને વર્ષ ૨૦૨૦ સુખ, શાંતિ અને સમૃદ્ધિ બક્ષે તેવી શુભેચ્છા.

ત્રિલોક પરીખ

**ત્રિલોકભાઈ પરીખ**
**ચેરમેન**

# જાગૃતિ અને સ્ક્રિનીંગ કેમ્પ:

આ કેમ્પનુ આયોજન કરવાનો ઉદ્દેશ હાયપરટેન્શન અને ડાયાબિટીસ જેવા બિનચેપી રોગોની (નોન–કોમ્યુનિકેબલ રોગો) શરીરના મહત્વના અંગો, ખાસ કરીને કિડની પર થતી અસર અંગે જાગૃતિ લાવવાનો છે. અમારા કાર્યક્રમોની કાર્યક્ષમતા અને અસરકારકતા સુધારવા અમે સ્થાનિક સ્વયંસેવકોની પણ મદદ લઈએ છીએ.

**કેમ્પની શહેર મુજબ વિગત નીચે આપેલ છે:**

| ક્રમાંક | શહેરનુ નામ | કેમ્પની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૫ |
| ૨. | ગાંધીનગર | ૩ |
| ૩. | વડોદરા | ૪૭ |
| ૪. | હિંમતનગર | ૯ |
| ૫. | મહેસાણા | ૧૪ |
| ૬. | પાલનપુર | ૨ |
| ૭. | ખેરાલુ | ૨ |
| ૮. | ડીસા | ૧ |
| ૯. | પાટણ | ૫ |
| ૧૦. | સિદ્ધપુર | ૨ |
| ૧૧. | ઊંઝા | ૧ |
| ૧૨. | કલોલ | ૬ |
| ૧૩. | સુરત | ૧૪ |
| ૧૪. | અંકલેશ્વર | ૧૬ |
| ૧૫. | વલસાડ | ૧ |
| ૧૬. | ભાવનગર | ૧૮ |
| ૧૭. | રાજકોટ | ૩૧ |
| ૧૮. | જૂનાગઢ | ૭ |
| ૧૯. | સોમનાથ–વેરાવળ | ૧૬ |
| ૨૦. | મોરબી | ૮ |
| ૨૧. | જામનગર | ૧ |
| ૨૨. | ભુજ | ૧૨ |
| ૨૩. | રાધનપુર | ૪ |
| ૨૪. | ઈડર | ૧ |
| ૨૫. | સાણંદ | ૩ |
| | કુલ | ૨૫૯ |

આ બન્ને રોગોના લક્ષણો અને કારણોને લગતી જાગૃતિ અને જાણકારી, ક્રોનિક કિડની રોગને થતો અટકાવવામાં ઘણી જ ઉપયોગી થઈપડે છે. આવા આરોગ્ય કેમ્પ આ સુવિધાઓથી વંચિત લોકોની તાત્કાલિક આરોગ્ય સંભાળની જરૂરિયાતોને ધ્યાનમાં લે છે. આ ત્રિમાસિક સમય દરમિયાન ૨૫૯ કેમ્પ યોજવામાં આવ્યા હતા.

**અમને જાણવા મળ્યુ કે આશરે ૧૫–૨૦ ટકા લોકોને હાઈપરટેન્શન છે અને આશરે ૪–૫ ટકા લોકોમાં ડાયાબિટીસ જોવા મળે છે.**




ગિરનાર ખાતે સ્ક્રીનીંગ કેમ્પ




શ્રી સોમનાથ ખાતે સ્ક્રીનીંગ કેમ્પ



અંકલેશ્વર પોલીસ સ્ટેશન ખાતે સ્ક્રીનીંગ કેમ્પ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

**રાજકોટ ચેપ્ટર**

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ



લીલાપુર ગામ ખાતે લોકજાગૃતિ અને સ્ક્રીનીંગ કેમ્પ


પાલોદરા ગામ ખાતે લોકજાગૃતિ અને સ્ક્રીનીંગ કેમ્પ


રાધિકા સોસાયટી, રાજકોટ ખાતે લોકજાગૃતિ અને સ્ક્રીનીંગ કેમ્પ


ઉસ્માનપુરા ગાર્ડનમાં લોકજાગૃતિ કાર્યક્રમ



અપોલો ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. , મહેસાણા ખાતે લોકજાગૃતિ કાર્યક્રમ


સોનીપુર ગામ ખાતે લોકજાગૃતિ અને સ્ક્રીનીંગ કેમ્પ



ખેરવા ગામ ખાતે લોકજાગૃતિ અને સ્ક્રીનીંગ કેમ્પ

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી.ડી.પટેલ
૭. શ્રી સંદિપભાઈ શેઠ

https://www.facebook.com/irf.india.18

# ભુજ ખાતે જાહેર જાગૃતિ કાર્યક્રમ

ભુજની સરકારી એન્જિનિયરિંગ કોલેજમાં 14 મી ડિસેમ્બરના રોજ એક જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેનારાઓમાં મુખ્યત્વે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, રોટરી કલબ, ભારતીય સંરક્ષણ અને બીએસએફના જવાનો, વિદ્યાર્થીઓ અને ભુજના ઘણાં નાગરિકો હતા.

ભુજના નેફ્રોલોજિસ્ટ ડો.હર્ષલ વોરાને વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. યુરીનરી સિસ્ટમ અને કિડનીના કાર્યો વિષેની માહિતી રજૂ કરવામાં આવી હતી અને કિડનીની નિષ્ફળતા અટકાવવા અંગેની સામાન્ય માર્ગદર્શિકા ઉપર પણ ચર્ચા કરવામાં આવી હતી. અમે તેમના સમય અને અમૂલ્ય માર્ગદર્શન માટે તેમના આભારી છીએ.

અમે પ્રોફેસર શ્રી પ્રદિપ સાવલિયા, શ્રી મહેશ ભટ્ટી અને ડો.પી.પી.રાઠોડનો આ કાર્યક્રમના આયોજનમાં સક્રિય ફાળો આપવા બદલ આભાર માનીએ છીએ. શ્રીમતી મીરા પ્રદિપ સાવલીયાએ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કર્યું હતુ તે બદલ તેમના પણ અમે આભારી છીએ. આ કાર્યક્રમ સ્થાનિક ન્યુઝ ચેનલો દ્વારા પણ આવરી લેવામાં આવ્યો હતો તે બદલ તેમનો પણ અમે અભાર વ્યક્ત કરીએ છીએ.

## પ્રોફેસર પ્રદિપ સાવલીયા

સરકરી એન્જિનિયરિંગ કોલેજ, ભુજ ખાતે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા આયોજીત જાગૃતિ કાર્યક્રમ 'કિડની રોગોનુ નિવારણ' ખૂબ જ માહિતીસભર અને રસપ્રદ હતો. રજૂ કરેલી માહિતીએ મને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે સજાગ કર્યો છે અને પ્રોત્સાહન આપ્યુ છે.

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ કિડની દર્દીઓને તેમની સારવાર અને પુન:ર્વસન માટે પૂરો પાડવામાં આવેલ આધાર ખરેખર પ્રશંસાપાત્ર છે. અમે તેમને તેમના ભાવિ પ્રયાસો માટે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.





સંસ્થા તથા સરકારી ઈજનેરી કોલેજનું સંયુક્ત આયોજન

### ભુજ ખાતે કિડની નિષ્ફળતા એક અસાધ્ય રોગનો સેમિનાર યોજાયો

। ભુજ ।

ભુજમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ભુજની સરકારી ઈજનેરી કોલેજ ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજનાં નેફ્રોલોજીસ્ટ ડો.હર્ષલ વોરા દ્વારા કિડનીના રોગો તથઆ તેના નિદાન અંગે માહિતી આપવામાં આવી હતી.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સ્વાસ્થ્ય માટેના ક્ષેત્રમાં કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થા છે. આ અંગે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના પ્રોગ્રામિંગ ઓફિસર રોહીત ભંડારીએ જણાવ્યું હતું કે, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સ્વાસ્થ્યના ક્ષેત્રમાં જ કાર્ય કરે છે. આ ઉપરાંત તેમાં પણ કિડનીની બિમારી તથા તેના નિદાન માટે કાર્ય કરે છે. લોકોમાં કિડની જાગૃતિ કરવામાં આવે છે. શાળાઓ તથા કોલેજોમાં આવા સેમિનારો યોજવામાં આવે છે. ડો.હર્ષલ વોરાએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં લોકો કિડનીની બિમારીથી સંઘર્ષ કરતાં હોય છે, ત્યારે કિડની તથા તેના રોગોની પ્રારંભિક માહિતી માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના કોર્ડિનેટર તરીકે પ્રોફેસર પ્રદિપ સાવલિયા તથા કો-ઓર્ડિનેટર તરીકે પ્રોફેસર મહર્ષિ ભટ્ટી, ડો.પી.પી.રાઠોડના સહયોગથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સિવીલ ડિફેન્સ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, રોટરી કલબ, બીએસએફ કોલેજનાં છાત્રો તથા નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મીરાં પ્રદિપ સાવલિયાએ કર્યું હતું.



ડો. હર્ષલ વોરા અન્ય મહાનુભાવો સાથે

**સ્થાનિક સલાહકાર સમિતિ**

**ગીર–સોમનાથ**

૧. શ્રી પ્રવિણભાઇ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલ વાલા
૪. શ્રી રમેશ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્ર મહેતા
૬. શ્રી સુરેશ કંપાણી
૭. શ્રી ગિરીશ ઠક્કર
૮. ડો.શ્રી રાજુ ક્રિષ્નાની
૯. શ્રી તેજસ પંડ્યા
૧૦. શ્રી અરૂણકુમાર શર્મા

## Save a life
Sponsoring Renal Treatment

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, વર્ષ ૨૦૦૨ થી સેવ અ લાઇફ, કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાતમંદ કિડની દર્દીઓને કિડનીને લગતી વિવિધ સારવાર માટે આર્થિક સહાય આપે છે.

આ ત્રિમાસિક ગાળા દરમિયાન ઘણા ડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણ કરાવેલ દર્દીઓની મદદ કરવામાં આવી હતી. હિમોડાયાલિસીસ કરાવતા ૯૦ દર્દીઓને દર મહિને ડાયાલાઇઝર અને ટ્યુબિંગ આપવામાં આવી હતી. ૩ દર્દીઓને AV ફિસ્ટુલા સર્જરીનો ખર્ચ અને ૧૦ ટ્રાન્સપ્લાન્ટ દર્દીઓને ટ્રાન્સપ્લાન્ટ પછીની દવાઓ માટે મદદ કરવામાં આવી હતી.

સંસ્થા હિંમતનગરમાં એક ડાયાલિસસીસ સેન્ટર પણ ચલાવે છે જેમાં ૧૬ દર્દીઓને નિયમિતપણે મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત વિના મૂલ્યે હિમોડાયાલિસીસની સારવાર પણ આપવામાં આવે છે. સંસ્થાના ડાયાલિસીસ સેન્ટરમાં આ ત્રણ મહિના દરમિયાન ૩૫૮ હિમોડાયાલિસીસ કરવામાં આવ્યા હતા.



ચાણસ્મા ગામના શ્રી વિષ્ણુભાઈ ઠાકોરને AV ફિસ્ટુલા માટે મદદ કરવામાં આવી



મહેસાણાના શ્રી કપિલભાઈ વાઘેલાને AV ફિસ્ટુલા માટે મદદ કરવામાં આવી

## પ્રેરણા
પુનઃર્વસન કાર્યક્રમ

લાંબી બિમારીઓવાળા દર્દીઓમાં પુનઃર્વસન પ્રવૃત્તિઓ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આવા દર્દીઓને પ્રોત્સાહન આપતો આ કાર્યક્રમ દર્દીઓને શીખવાડે છે કે તેઓ લાંબી બિમારી હોવા છતાં કઈ રીતે તેમનુ જીવન વધુ સારી રીતે જીવી શકે.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, ઓક્ટોબર ૨૦૦૨ થી 'પ્રેરણા' નામના કાર્યક્રમ હેઠળ કિડનીના દર્દીઓ માટે પુનઃર્વસન પ્રવૃત્તિઓ કરી રહી છે અને ઘણા દર્દીઓને માનસિક સ્વસ્થતા કેળવવામાં, જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવામાં મદદ કરી છે અને આ રીતે કિડનીના દર્દીઓની સંપૂર્ણ સુખાકારી માટે કામ કર્યુ છે. આ કાર્યક્રમની ૧૭ મી વર્ષગાંઠ નિમિત્તે બધા ચેપ્ટરમાં ઘણા કાર્યક્રમો યોજાયા હતા.



વડોદરા ખાતે મ્યુઝિકનો આંનદ માણતા પ્રેરણા મિત્રો



અમદાવાદ ખાતે મ્યુઝિક અને રાસ-ગરબાનો આંનદ માણતા પ્રેરણા મિત્રો




રાજકોટ ખાતે મ્યુઝિકનો આંનદ માણતા પ્રેરણા મિત્રો

**RATNAMANI METALS & TUBES LTD.** ## તરફથી મળેલ દાન

ઉત્તર ગુજરાત વિસ્તારમાં સંસ્થાની કામગીરી માટે મોબાઈલ વાનનુ દાન









શ્રીમતી સુનિતાદેવી શર્મા, ૩૭ છેલ્લા બે વર્ષ કરતાં વધુ સમયથી અમદાવાદ ખાતે હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનમાં હિમોડાયાલિસીસની સારવાર લઈ રહયા છે. લાંબા સમય સુધી દર્દશામક (પેઈનકિલર) દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે તેમને ૮ વર્ષ પહેલાં ક્રોનિક કિડની રોગ હોવાનુ નિદાન થયુ હતુ.

તેણી ૪ નાના બાળકોની માતા છે અને અમદાવાદના જોધપુર ગામમાં રહે છે. તેમના પતિ આજીવિકા રળવા માટે પાણીપુરી વેચવાનુ કામ કરે છે.

આ દર્દીઓને સ્વસ્થ અને વધુ સારુ જીવન આપવાના હેતુથી, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ઈન્સ્યુલેટેડ ફ્લાસ્ક, લંચ બોક્સ અને પીલ બોક્સવાળી પાણીની બોટલ સાથે એક બેગ આપવામાં આવી હતી જેથી તેઓ જ્યારે તેમના હિમોડાયાલિસીસ માટે જાય ત્યારે ઘરેથી ઘરેલું પીણા અને નાસ્તા લઈ જઈ શકે અને બહારની વસ્તુઓ આરોગે નહિ. સંસ્થા, રત્નમણી મેટલ્સ અને ટ્યુબ્સ લિમિટેડ, અમદાવાદ તરફથી આવી ૨૦૦ બેગ માટે ફાળો મેળવવામાં ભાગ્યશાળી રહી છે અને આ બેગ રાજ્યભરના જરૂરિયાતમંદ દર્દીઓને આપવામાં આવશે.

અમે, રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિ. તરફથી મળેલા આ યોગદાન માટે તેમના ઋણી છીએ.

## વોરા વેલફેર ફાઉન્ડેશન, રાજકોટ તરફથી મળેલ દાન

સૌરાષ્ટ્ર વિસ્તારમાં સંસ્થાની કામગીરી માટે મોબાઈલ વાનનુ દાન







https://www.facebook.com/irf.india.18

## એક્યુટ કિડની ઈન્જરી: (Acute Kidney Injury)

એક્યુટ કિડની ઈન્જરી અથવા એક્યુટ કિડનીની ઈજા (જે અગાઉ એક્યુટ કિડની નિષ્ફળતા તરીકે ઓળખાતી) જેમાં થોડા દિવસો કે અઠવાડિયામાં જ અચાનક કિડનીના કાર્યમાં ઝડપી ઘટાડો થાય અથવા કામ કરવાનુ બંધ કરી દે, જેના કારણે લોહીમાં નાઈટ્રોજનસ પદાર્થો (એઝોટેમિયા) નો સંચય થાય છે. પેશાબની માત્રામાં ઘટાડો થાય અથવા એકદમ બંધ થઈ જાય. આ સમસ્યા મોટેભાગે હંગામી હોય છે, અને સામાન્ય રીતે સારવાર કરી કિડનીને ફરી કાર્યરત કરી શકાય તેવુ હોય છે.

### આ થવાના કારણ શું હોય છે?

ઘણીવાર ગંભીર આઘાત, માંદગી અથવા શસ્ત્રક્રિયાને કારણે કિડનીને ઓછુ લોહી પહોંચે એના ઘણા કારણો છે. સામાન્ય કારણોમાં સામેલ છે:

૧. ઝાડા-ઉલટીના કારણે તીવ્ર ડિહાઈડ્રેશન, વધુ પડતુ લોહી વહી જવુ અથવા લોહીના દબાણમાં કોઈ કારણસર એકાએક ઘટાડો થવાને કારણે કિડનીને લોહી ઓછુ મળવુ.

૨. લોહીમાં ગંભીર ચેપ (Septicaemia), જીવલેણ બીમારી અથવા મોટા ઓપરેશન પછી.

૩. પેશાબના માર્ગમાં અચાનક અવરોધ: પથરીના કારણે મૂત્રમાર્ગમાં અવરોધ ઊભો થવો એ સૌથી સામાન્ય કારણ છે.

૪. આ ઉપરાંત અન્ય કારણોમાં પેશાબનો ગંભીર ચેપ, ખાસ પ્રકારનો કિડનીનો સોજો (Glomerulonephritis), સ્ત્રીઓમાં સૂવાવડ વખતે લોહીનુ ઊંચુ દબાણ કે વધુ પડતુ લોહી વહી જવુ , ઝેરી (ફેલ્સીફેરમ) મેલેરિયા, કેટલીક દવાની આડઅસર, સર્પદંશ, સ્નાયુને વધુ પડતા નુકસાનથી બનતા ઝેરી પદાર્થોની કિડની પર આડઅસર વગેરેનો સમાવેશ થાય છે.

### એક્યુટ કિડની ઈન્જરીના લક્ષણો :

**કિડનીના કાર્યમાં અચાનક વિક્ષેપ અને કચરો પેદાશોના ઝડપથી સંચય અને પ્રવાહી અને ઈલેક્ટ્રોલાઈટ સંતુલનમાં વિક્ષેપને કારણે, દર્દીમાં નોંધપાત્ર લક્ષણો વહેલા વિકસે છે. લક્ષણોનો પ્રકાર અને તેની તીવ્રતા દરેક દર્દીમાં અલગ અલગ જોવા મળે છે.**

૧. અંદરની સ્થિતિને કારણે એટલે કે જે કારણસર કિડની બગડી હોય તેના ચિહ્નો પણ જોવા મળે છે.(ઝાડા,લોહીની ખોટ, તાવ,શરદી વગેરે)

૨. પેશાબ ઓછો થઈ જાય કે બંધ થઈ જાય. આ રોગના અમુક દર્દીઓમાં પેશાબની માત્રા સામાન્ય હોય છે. શરીરમાં પ્રવાહીનુ પ્રમાણ વધી જતા મોં, પગ પર સોજા આવવા, વજનમાં વધારો થવો અને શ્વાસ વધવાની ફરિયાદ જોવા મળે છે.

૩. ભૂખ ઓછી લાગે, ઊલટી-ઉબકા થાય, હેડકી આવે, નબળાઈ આવે, ઘેન રહે, યાદશક્તિ ઘટી જાય.

૪. ગંભીર જીવલેણ ચિહ્નો જેમ કે શ્વાસ વધવો, છાતીમાં દુખાવો થવો, તાણ-આંચકી આવવી અથવા બેભાન થવુ, લોહીની ઊલટી થવી અને પોટેશિયમના પ્રમાણમાં વધારાને કારણે એકાએક હૃદયનુ કામ બંધ થઈ જવુ.

૫. એક્યુટ કિડની ઈન્જરીના શરૂઆતના તબક્કામાં કેટલાક દર્દીઓમાં ચિહ્નો જોવા મળતા નથી અને લોહીની તપાસ કરાવતા અચાનક કિડની ઓછુ કામ કરે છે તેવુ નિદાન થાય છે.

### ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લૂ અને એક્યુટ કિડની ઈન્જરી :

ડેન્ગ્યુ એ હાલમાં મચ્છરના કરડવાથી સૌથી વધુ ફેલાતો વાયરલ ચેપ છે જે વિશ્વભરમાં જાહેર આરોગ્ય માટે મોટો ખતરો છે. ડેન્ગ્યુના રોગના કારણે એક્યુટ કિડનીની ઈજા થવી એ ગંભીર અને સંભવિત જીવલેણ સમસ્યા છે, પરંતુ તેનો વાસ્તવિક આંકડો આપણી પાસે નથી. ગંભીર રીતે બિમાર ઈન્ફ્લ્યુએન્ઝા એ(એચ1એન1) ચેપગ્રસ્ત દર્દીઓમાં (સ્વાઈન ફ્લૂ),પણ એક્યુટ કિડનીની ઈન્જરીનુ પ્રમાણ વધારે છે.

### એક્યુટ કિડની ઈન્જરીની સારવાર

મોટાભાગના દર્દીઓમાં, યોગ્ય સંચાલન સાથે તીવ્ર કિડનીની ઈજાને મટાડી શકાય છે. જો કે તેની સારવારમાં વિલંબ અથવા અયોગ્ય સારવાર જીવન માટે જોખમી હોઈ શકે છે.

### કિડનીની તીવ્ર ઈજાના સંચાલન માટેના મુખ્ય પગલા આ છે:

૧. કિડનીની ઈજાના કારણોમાં સુધારો અથવા તેની યોગ્ય સારવાર.

૨. દવાઓથી ઉપચાર અને સહાયક પગલા.

૩. આહાર માટે માર્ગદર્શન.

૪. ડાયાલિસીસ.

### સાવચેતી

- નેફ્રોલોજિસ્ટનુ માર્ગદર્શન લેવુ અને વધુ ગૂંચવણો ટાળવા માટે એક્યુટ કિડની ઈન્જરીથી સ્વસ્થ થયા પછી વર્ષમાં એકવાર તમામ કિડની ટેસ્ટ કરવા એ ખૂબ જ મહત્વપૂર્ણ બાબત છે જેથી મોટી સમસ્યાઓથી બચી શકાય.
- એવુ જોવા મળે છે કે એક્યુટ કિડની ઈન્જરી ૫-૧૦% દર્દીઓમાં ક્રોનિક રીનલ નિષ્ફળતામાં પરિણમે છે અને તેને મટાડી શકાતુ નથી. તેઓને જીવનપર્યન્ત ડાયાલિસીસ પર જીવવુ પડે છે.
- એ પણ જોવા મળે છે કે એક્યુટ કિડની ઈન્જરીવાળા ૨૫-30% દર્દીઓ કે જે સારવાર પછી સાજા થાય છે, તેઓમાં લાંબા ગાળે ક્રોનિક રીનલ નિષ્ફળતા થઈ શકે છે.

**ડો.હસિત પટેલ**
**નેફ્રોલોજીસ્ટ**

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**
**ભાવનગર ચેપ્ટર**

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનિલભાઈ વડોદરીયા
૩. શ્રી અશોષભાઈ ત્રિવેદી
૪. શ્રી ચેતન કામદાર
૫. શ્રી રાજુભાઈ બક્ષી
૬. શ્રી મેહુલભાઈ પટેલ

# આ ત્રિમાસિક ગાળા દરમિયાન મળેલ દાનની વિગતો

## મુખ્ય દાતાઓ

| | |
|---|---|
| રત્નમણી મેટલ્સ અને ટ્યુબ્સ લિ.,અમદાવાદ | રૂ. ૭,૩૬,૧૨૭ |
| શ્રી સુભાષભાઇ અમીન, અમદાવાદ | રૂ. ૭,00,000 |
| વોરા વેલ્ફેર ફાઉન્ડેશન, રાજકોટ | રૂ. ૬,00,000 |
| શ્રી સોમનાથ ટ્રસ્ટ | રૂ. ૨,00,000 |
| શિલ્પ ગ્રેવર્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૧,00,000 |

## અન્ય દાતાઓ

| | |
|---|---|
| શ્રી રાજનભાઈ વાસુદેવભાઈ ડપકી, અમદાવાદ | રૂ. ૫0,000 |
| અદિતિ એગ્રિટેક, અમદાવાદ | રૂ. ૨૫,000 |
| ફ્યુઅલ ફર્નેસ મેન્યુફેક્ચર્સ, વડોદરા | રૂ. ૫,00૧ |
| શ્રી ધરનેન્દ્ર વોરા, અમદાવાદ | રૂ. ૨,000 |
| શ્રી શક્તિસિંહ, ગાઝિયાબાદ | રૂ. ૧,000 |
| શ્રીમતી નીલિમા ભરત પરીખ, અમદાવાદ | રૂ. ૧,000 |

## Save a life (Sponsoring Renal Treatment) કાર્યક્રમના દતાશ્રીઓ

### અમદાવાદ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ | રૂ. ૯૬,000 |

### વડોદરા

| | |
|---|---|
| નારાયણ પાવરટેક પ્રા. લિ. | રૂ. ૯0,000 |
| શ્રી કૈલેશકુમાર એમ.પટેલ | રૂ. ૫0,000 |

### સુરત

| | |
|---|---|
| ગીલોન ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. | રૂ. ૧૫,000 |
| શ્રી ઇન્દ્રવદન જે. ગાંધી | રૂ. ૫,૫00 |

## દાન માટે અપીલ

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનની શરૂઆત થઈ ત્યારથી વ્યક્તિગત અને સંસ્થાકીય દાન અને સહયોગ થકી આ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. અમે આપને આ પ્રવૃત્તિઓ માટે ઉદાર હાથે દાન આપવા વિનંતી કરીએ છીએ.

સસ્થાને આપેલુ દાન, ઇન્કમટેક્ષ ધારા ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે.

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન
A–૨૦૬, શપથ–૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ–ગાંધીનગર હાઇવે, અમદાવાદ–૩૮૦૦૫૧. ફો. ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ • સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ • રાજકોટ: ૯૨૨૭૨– ૫૧૫૮૫ • મહેસાણા: ૮૫૧૧૧૧૪૨૫૬ • ભાવનગર: ૮૫૧૧૧૧૪૨૫૭ • ભૂજ : ૮૫૧૧૧૪૮૨૨૮
e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G